સુવિચાર : ધીરજ, મક્કમતા અને અથાગ પરિશ્રમ : આ ત્રણનું મિશ્રણ સફળતા માટે અનિવાર્ય છે - નેપોલીયન હીલ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૬ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૫, શનિવાર ; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૫ ટકા

ફટાફટ ન્યુઝ

- ઝડપી ફોર-જી રોલઆઉટ માટે જોરદાર અમેરિકન મીડિયા, એન્ટરટેઈનમેન્ટ દ્વારા રજુઆત થઈ
- હરિયાણા-મહારાષ્ટ્રની ફોર્મ્યુલા સાથે બિહારમાં ભાજપ ઉતરશે
- સોનિયા-રાહુલ ગાંધી કોંગીના સ્ટાર પ્રચારકો
- લાલુની વોટ બેંકને તોડવા ભાજપ દ્વારા ચક્વ્યુહ તૈયાર
- જમ્મુ કાશ્મીર : ઇન્ટરનેટ સેવા બે દિવસ બંધ રહેશે
- હવેથી એટીએમમાંથી ૫૦ રૂપિયાની નોટો પણ કઢાશે
- હજ બનાવો બાદ સાઉદી પર બેદરકારીના આક્ષેપો
- ત્રિંબકેશ્વર : શાહી સ્નાનમાં લાખો શ્રદ્ધાળુ ઉમટી પડ્યા
- રાહુલ પ્રશ્ને ભાજપ-કોંગ્રેસ આમને સામને આવી ગયા
- ૮૦ બાળવાખોરો દ્વારા ઓરિસ્સા પોલીસ સમક્ષ શરણાગતિ સ્વિકારાઈ

અમેરિકન કંપનીઓને ભારતમાં રોકાણ કરવા મોદીનું નિમંત્રણ

ટોપ સીઈઓ સાથે બેઠકમાં મોટા પાયે મૂડીરોકાણનું મોદીનું સૂચન : ઈંટેલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સના રક્ષણની મોદીએ ખાતરી આપી



ન્યુયોર્ક,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમેરિકાની તેમની ઐતિહાસિક યાત્રાના બીજા દિવસે ન્યુયોર્કમાં મિડિયા, ટેકનોલોજી અને કોમ્યુનિકેશના ટોપ સીઈઓ સાથે વિસ્તૃત બેઠક કરી હતી. આ રાઉન્ડ ટેબલમાં વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મોદીએ ભારતમાં મોટા પાયે રોકાણ કરવા તમામ સીઈઓને અપીલ કરી હતી. મોદીએ તેમની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સના રક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની ખાતરી આપી હતી. સાથે સાથે સુધારાની દિશામાં સરકાર સતત આગળ વધી રહી હોવાની વાત કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે આજનો સમય ટેકનોલોજીનો સમય છે. અમારા સમાજમાં પણ ટેકનોલોજીની જરૂરીયાત અનુભવ કરવામાં આવી રહી છે. ડિનર ઉપર આ મિટિંગ ચાલી હતી. જેમાં ફોર્ચ્યુન-૫૦૦ કંપનીઓના ટોપ સીઈઓની સાથે વાતચીતમાં મોદીએ કહ્યું હતું કે, સરકારમાં સુધારા તેમની પ્રથમ પ્રાથમિકતા છે અને તમામ પ્રક્રિયાઓને સરળ બનાવી રહ્યા છીએ. નિર્ણય કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી રહી છે. પારદર્શકતા લવાઈ રહી છે. મોદીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં એફડીઆઈ ઘટી રહી છે ત્યારે ભારતમાં તેમાં ૪૦ ટકાનો વધારો થયો છે. જે દર્શાવે છે કે ભારતીય અર્થતંત્રમાં વિશ્વનો વિશ્વાસ વધી રહ્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ભારતમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય છે. વિશ્વના સૌથી મોટા અર્થતંત્રમાં રોકાણ કરવાની જરૂર છે.

આ પ્રસંગે ડિજની, એસીબી ટીવી ગ્રુપ, ડિસ્કવરી, સોની અને ઈએસપીએન તેમજ માસ્ટરકાર્ડ જેવી ટોપ કંપનીઓના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મોદીને મળનારમાં માસ્ટરકાર્ડના સીઈઓ અજય બંગા, લોકહીડ માર્ટિનના સીઈઓ માર્લિન હ્યુસનનો પણ સમાવેશ થાય છે. મોદીએ મેક ઈન ઈન્ડિયાની વાત કરી હતી.

સોમવારે નરેન્દ્ર મોદી બરાક ઓબામાની સાથે ચર્ચા કરશે

ન્યુયોર્ક,તા. ૨૫

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની તેમની બીજી ઐતિહાસિક યાત્રાએ પહોંચ્યા બાદ એક પછી એક મોટા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. આજે ટોપ સીઈઓ સાથે વાતચીત કરીને ભારતમાં મોટા પાયે રોકાણ કરવાની અપીલ કરી હતી. સાથે સાથે ભારતમાં રહેલા આદર્શ બિઝનેસ માહોલની પણ વાત કરી હતી. મોદી હવે સોમવારના દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકના ભાગરૂપે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સાથે અલગ રીતે પણ વાત કરનાર છે. વ્હાઈટ હાઉસ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. વ્હાઈટ હાઉસના નેશનલ સિક્યુરિટી અધિકારી બેન રોડ્સે કહ્યુ હતુ કે ઓબામા અને મોદી વચ્ચે મોટા ક્લાઈમેટ ચેજ સાથે સંબંધિત મુદ્દા પર વાતચીત થનાર છે. આર્થિક, વાણિજ્ય અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત કરવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. જેના ભાગરૂપે પ્રદુષણને રોકવાના પાસા પર ચર્ચા કરાશે. બન્ને નેતાઓએ આ વર્ષની શરૂઆતમાં નવી દિલ્હીમાં ઐતિહાસિક વાતચીત કરી હતી. જેમાં વિવિધ મુદ્દાને સામેલ કરવામાં આવ્યા હતા. બન્ને નેતાઓ વચ્ચેની વધતી જતી મિત્રતાને લઈને તમામ દેશો હવે આ બેઠક પર નજર રાખી રહ્યા છે. મોદી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને પણ સંભોદન કરનાર છે. તેઓ ફેસબુકના વડા માર્ક ઝુકરબર્ગ સાથે પણ વાતચીત કરનાર છે. સાથે સાથે અન્ય ઈન્ટરનેટ લીડરોની સાથે પણ વાતચીત કરનાર છે. ભારતના આઈટી સેક્ટરમાં રોકાણના મુદ્દા પર વાતચીત કરવામાં આવનાર છે. ઓબામા રવિવારે ન્યુયોર્ક ખાતે પહોંચી જશે. ઓબામા પોતે મંગળવારે બપોરે શહેરથી પરત રવાના થશે.

મહામેળો - આદ્યશક્તિ અંબાજી શક્તિપીઠ ખાતે આરંભાયેલ મહામેળામાં માઈ ભક્તિનું ઘોડાપુર આવ્યું છે... ભાદરવી પુનમનો મહામેળો છેલ્લા બે દિવસથી આરંભાયો છે... મા-જગદંબાનું મંદિર રોશનથી ઝળહળી ઉઠયું છે... સમગ્ર અંબાજીમાં આનંદ-ઉલ્લાસ છવાયો છે... શક્તિપીઠ સહિત અંબાજીના રાજમાર્ગો નયનરમ્ય રોશનથી શણગારાયા છે... જય અંબે.... (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સેક્ટર-૧૭નું એક્ઝીબીશન સેન્ટર મચ્છરોનું મોટુ ઉત્પત્તિ કેન્દ્ર

સોમવારે મનપા તંત્ર સંચાલકોને નોટીસ ફટકારશે : એક્ઝીબીશન સેન્ટરમાંથી ૨૮ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની આગવી ઓળખ માટે બનાવાયેલ દેશના સૌથી મોટા એક્ઝીબીશન સેન્ટર સે. ૧૭માં ૨૮ સ્થાનોએથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં મનપાના મેલેરિયા તંત્રએ સંચાલકોને નોટીસ આપવાનો નિર્ણય કર્યો છે. સોમવારે નોટીસની બજવણી કરી દેવાશે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે હાથ ધરાયેલ સર્વેલન્સ અંતર્ગત આજે એક્ઝીબીશન સેન્ટરમાં કામગીરી કરવામાં આવી હતી. જેમાં ગેટ નં. ૧ ની બાજુમાં ટોઈલેટ નં. ૮ની પાછળ ૧૧ પીપ, મોટી પ્લેટ-૨ અને ૪ સિન્ટેક્સની ટાંકી મળી ૧૩ સ્થાનોએથી ખુબ મોટી સંખ્યામાં એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રવાહકો ચોંકી ઉઠ્યા હતા.

આ સંકુલમાં ઉભા કરાયેલ ફૂવારા, સંપ, જુના મોટા ડોમ તેમજ ડસ્ટબીનો જે ૧૬ જેટલી મુકી છે તે પૈકીની ૭ ડસ્ટબીનોમાંથી પણ મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા.

અગાઉ પણ આ સ્થળેથી મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા હતા. એ વખતે આપેલી ચેતવણી પછી પણ કોઈ અસરકારક પગલાં ન લેવાતાં હવે તંત્રએ સંચાલકોને નોટીસ ફટકારવાનો નિર્ણય કર્યો છે. સોમવારે આ નોટીસની બજવણી કરી દેવામાં આવશે.

(તસવીર : ફાઈલ ફોટો)

સે. ૧૭માંથી ડેન્ગ્યુના કેસો પણ સારી એવી સંખ્યામાં મળી આવ્યા હોવાથી તંત્ર પગલાં લેવા માટે કટિબદ્ધ બન્યુ છે.

ગાંધીનગર શહેરના જાહેર સ્થાનો પરથી જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જાહેર મિલ્કતો જ જનતા માટે જોખમી પુરવાર થઈ રહી છે.

આ એક્ઝીબીશન સેન્ટરની બહાર અને અંદર વરસાદી પાણીનો ભરાવો વધુ થાય છે તેમજ તેના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થાનો અભાવ સૌની ચિંતાનો મુદ્દો બની ઉભરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનોએથી જે રીતે બ્રિડીંગ મળી રહ્યા છે તે જોતાં હવે સમગ્ર શહેર ડેન્ગ્યુ માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યું છે. સે. ૧૭માં એક્ઝીબીશન સેન્ટર નજીક મધ્યસ્થ લાયબ્રેરી, ટાઉનહોલ, જિલ્લા પંચાયત, સાહિત્ય અકાદમીની કચેરી, સચિવાલય સંકુલ નજીકમાં છે. તેથી તંત્ર પણ પગલાં લેવામાંથી સંચાલકોને મુક્તિ આપવાના મુડમાં નથી.

FULL Course in 1 Month
Std. 11, 12 (M, P, C, B)
GSEB in
ગુજરાતી/Eng Medium
Personal Tuition
Branch Sector-4 & 21
Premal Sir & Yadav Sir
M 8866559799 & 98240 21840

જોઈએ છે
ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ માટે 'નોન વુવન ફેબ્રીક'ના માર્કેટીંગ માટે. તેમજ રાજકોટથી પબ્લીકેશન 'ડી.પી. ઈન્ફોનેટ'ના મેગેઝીન માટે માર્કેટીંગ કરી શકે તેવા મેલ / ફીમેલ. B.Com, H.S.C.
સંપર્ક : પ્રકાશ રાવલ
૯૮૨૫૨ ૨૪૨૧૭
saguruds54@yahoo.in
palmepolypack@gmail.com

ગાંધીનગરમાં ધુમ મચાવે છે.
રશીયન + આફ્રિકન અને મંગોલીયન કલાકારોના કાફલા સાથે
સ્કૂલ, સંસ્થા, શાળાઓ કન્સેશન માટે મળો
તા. 4-10-15 છેલ્લો દિવસ
દરરોજ ૩ ખેલ 3-6-9
ગોલ્ડન સર્કસ
ટીકીટ દર. ૨. 60/-, 120/- , 200/-
એડ. બુકીંગ. ૨. 200/-નું સવારે 9 થી 7 સાંજે
M: 8347499769 7041428420
સ્થળ: નવરાત્રી મેદાન, સેક્ટર ૬, બસ ડેપો પાસે.

ઘ-3 સર્કલ ૨ વર્ષ બાદ ફરી ગાંધીનગરના આંગણે
ARAVALLI Art & Craft Festival - 2015
18-9-15 to 4-10-15
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીકાફ્ટ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-3 સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર

॥ શ્રી ગણેશાય નમઃ ॥
FOCUS FITNESS GYM
GRAND OPENING
ફોકસ ફીટનેશ (જીમ)
ફોકસ કોર્પોરેશન પ્રસ્થાપિત
આજરોજ તા. ૨૬-૯-૨૦૧૫ નાં શનિવારનાં મંગલમય પ્રભાતે ગાંધીનગરનાં હાર્ટ સમા સેક્ટર ૧૧ નાં સુમન સીટીનાં બીજા માળે અમારા ફોકસ ફીટનેશનાં શુભારંભ નિમીત્તે ગાંધીનગરનાં રહેવાસી વિવિધ ગ્રુપ્સ/એસોશિએશન તથા કોર્પોરેટ્સ જગતને આવકારવા માટે પ્રસ્તૃત છીએ.
આવો અમારૂ ફોકસ ફીટનેશ નિહાળો અને અમારા આકર્ષક પેકેજ અપનાવી મેમ્બર બની અમને આપની સેવા કરવાનું સન્માન આપો.
ઉદ્ઘાટન પ્રારંભ સવારે ૯.૦૦ કલાકથી
"લાગણીસભર અને ઠંડા વાતાવરણમાં આપના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે અમારી ગુણવત્તા સભર અને સારી સેવા માટે અમે કટિબદ્ધ છીએ"
ફોકસ ફીટનેશ (જીમ) : ફોકસ કોર્પોરેશન પ્રસ્થાપિત
બીજા માળે, અરેના એનીમેશનની બાજુમાં, સીનેમેક્સની નીચે સુમનસીટી, સેક્ટર-૧૧, ગાંધીનગર
રાજેશ યાદવ : ૯૯૭૮૮ ૮૭૬૩૪ રાજલ યાદવ : ૯૯૨૫૦ ૭૬૩૪૧
ઘનશ્યામ આચાર્ય : ૯૭૧૨૨ ૯૪૧૫૮

૬૪ મા જન્મદિને હાર્દિક શુભેચ્છા

માન. શ્રી રમણલાલ વોરા સાહેબ
કેબીનેટ મંત્રીશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર
(જન્મ તા. ૨૬-૯-૧૯૫૨)
"આપ જીઓ હજારો સાલ, સાલકે દિન હો પચાસ હજાર"
શુભેચ્છકો
શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર.
માન. શ્રી રતીલાલ કે. વર્મા (મેનેજીંગ ટ્રસ્ટી)
શ્રી મધુકરભાઈ એફ. પરમાર (પ્રમુખ)
શ્રી રમણલાલ એમ. પરમાર (મહામંત્રી)
શ્રી મહેન્દ્રભાઈ જે. પરમાર (ઉપપ્રમુખ)
શ્રી કનુભાઈ એચ. સોલંકી (ઉપપ્રમુખ)
શ્રી ગોવિંદભાઈ એસ. પરમાર (ઉપપ્રમુખ)
શ્રી અરવિંદભાઈ એસ. આનંદ (સહમંત્રી)
શ્રી કિરીટભાઈ ડી. સુતરીયા (સહમંત્રી)
શ્રી મેહુલ આર. ચાવડા (સંગઠન મંત્રી)
શ્રી કેશવલાલ પી. પરમાર (સંગઠન મંત્રી)
શ્રી કનુભાઈ એસ. વાલેરા (સંગઠન મંત્રી)
શ્રી લાલજીભાઈ ટી. પરમાર (સંગઠન મંત્રી)
શ્રી સત્યિપભાઈ બી. વિહોલ (ખજાનચી)
શ્રી મનોજભાઈ બી. મકવાણા (પૂર્વ.ખજાનચી)
શ્રી તુલસીભાઈ બી. પરમાર (આંતરીક ઓડીટર)
શ્રી જયંતિલાલ એમ. સુતરિયા (પૂર્વ મે.ટ્રસ્ટી)
શ્રી અમરીશભાઈ જી. પરમાર (ટ્રસ્ટી)
શ્રી મોહનભાઈ એમ. પરમાર (ટ્રસ્ટી)
શ્રી બેચરભાઈ એસ. સોલંકી (ટ્રસ્ટી)
શ્રી મોલિકભાઈ ડી. સુતરીયા (ટ્રસ્ટી)
શ્રી કિરણ એસ. શાહ (ટ્રસ્ટી)
શ્રી મહેન્દ્રકુમાર બી. સિંધીયા (ટ્રસ્ટી)
શ્રી ગોવિંદભાઈ એમ. સોલંકી (ટ્રસ્ટી)
શ્રી સુહાગ આર. વોરા (ટ્રસ્ટી)
શ્રી કિરીટભાઈ એમ. મકવાણા (ટ્રસ્ટી)
શ્રી મહેન્દ્રભાઈ આર. પરમાર (ટ્રસ્ટી)
શ્રી ખોડીદાસ એન. મકવાણા (ટ્રસ્ટી)
શ્રી અજીતભાઈ એસ. બેન્કર (ટ્રસ્ટી)
શ્રી પ્રકાશભાઈ એમ. પરમાર (ટ્રસ્ટી)

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર